ગાંધીનગર સમાચાર
તા. ૧૯-૬-૨૦૧૪, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

રાજ્યપાલોના રાજીનામાં

સત્તા પરિવર્તનની સાથે જ વિદાય લેતી સરકાર દ્વારા નિયુક્ત રાજયપાલો પણ બદલાતા હોય છે. છેલ્લા ઘણાં વર્ષોથી આ ખોટો શિરસ્તો થયો છે. એનો જશ આપવો હોય તો પહેલી બિનકોંગ્રેસી સરકારના વડા મોરારજી દેસાઇને આપી શકાય! આમ જુઓ તો રાજયપાલ જે - તે રાજયના બંધારણીય વડા અને પ્રથમ નાગરિકનું બહુમાન ધરાવતાં 'મહામહિમ' સત્તાધીશ ગણાય છે. તેઓ જ સરકારની રચના કરવા માટે બહુમતી ધરાવતા રાજકીય પક્ષને નિમંત્રિત કરે છે અને ગુપ્તતાના સોગંદ લેવડાવે છે. પરંતુ વાસ્તવિક સત્તા ચૂંટાયેલી સરકારના મુખ્યમંત્રી પાસે હોય છે અને રાજયપાલશ્રીના નામે અને એમના હુકમથી તમામ પ્રકારની શાસકીય કામગીરી સંપન્ન થતી હોવા છતાં રાજયપાલનો પોતીકો કહી શકાય એવો અવાજ સરકારમાં અસ્તિત્વ ધરાવતો નથી. એમને તમામ નિર્ણયો મંત્રીમંડળની સલાહથી કરવાના હોય છે. ફક્ત વિશિષ્ટ સંજોગોમાં, ખાસ તો બંધારણીય કસોકટી ઊભી થઇ હોય તેવી સ્થિતિમાં રાજયપાલની વિશેષાધિકારવાળી 'સત્તા' ચિત્રમાં આવે છે. એટલે મહદંશે રાજયપાલશ્રી જેને 'મારી સરકાર' કહી હોંશભેર સંબોધે છે તે એમની સરકાર નથી હોતી. સરકાર તો જે તે મુખ્યમંત્રીની જ ગણાય છે, પણ બંધારણીય વડા તરીકે રાજયપાલ એના વડા ગણાયા હોય છે. આવી અવાસ્તવિક સત્તાના પદ પર બહુમતી ધરાવતો રાજકીય સત્તાધારી પક્ષ પોતાના સાનુકૂળ મહાનુભાવોને જ બેસાડે, તે સમજી શખાય એવું છે. યુપીએ શાસન દરમિયાન દેશનાં તમામ રાજયોમાં કોંગ્રેસના નિવૃત્ત નેતાઓ અથવા કેન્દ્રને અનુકૂળ એવા નિવૃત્ત વરિષ્ઠ અધિકારીઓની નિમણૂંક થઇ હતી. એનડીએ શાસનકાળ દરમિયાન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે નિકટતા ધરાવતા અને હિંદુત્વના હિમાયતી એવા સુંદરસિંહ ભંડારી જેવા વરિષ્ઠ નેતાઓને આ પદ અપાયું હતું. બંધારણીય હોદ્દો હોવાથી આવા ગરિમામય પદ પર આરૂઢ કરાયેલ મહાનુભાવને સત્તા બદલાતાં જ અધવચ્ચે ઉઠાવી મૂકવાનો અભિગમ ઊચિત ન જ ગણાય. પરંતુ નવી સરકાર એના અનુકૂળ વરિષ્ઠ અગ્રણીઓને વેળાસર ઠેકાણે પાડવા માગતી હોય ત્યારે આવાં ગેરબંધારણીય પગલાં લેવા મજબૂર બની જતી હોય છે. વળી, વર્ષો સુધી વિપક્ષે બેઠેલ રાજકીય પાર્ટીને જયારે કેન્દ્રમાં સત્તા હાંસલ થઇ હોય ત્યારે રાજય સ્તરે એની સાથે યુપીએ-નિયુક્તિ રાજયપાલ દ્વારા થયેલ કનડગત કે હઠાગ્રહનો બદલો લેવાની તક ઊભી થતાં પ્રદેશ અગ્રણીઓ રાજયપાલપદે પોતાના પક્ષના અગ્રણીની નિમણૂકનો આગ્રહ રાખે તે સ્વાભાવિક છે. કેન્દ્રમાં વર્તમાન ગૃહસચિવ દ્વારા આવા રાજયપાલોને સત્વરે રાજીનામુ આપી દેવાની તાકીદ કરાઇ તેની પાછળ આ વ્યવહારુ અભિગમ રહેલો છે. સૈદ્ધાંતિક રીતે રાજયપાલ બન્યા પછી વ્યક્તિ કોઇ રાજકીય પાર્ટીનો સભ્ય નથી રહેતો. એ પાર્ટી લેવલથી ઉફરો રાજય સમસ્તની પ્રથમ નાગરિક ગણાવા લાગે છે. પરંતુ આ તો ઉમદા આદર્શ થયો. હકીકત જુદી જ રહ્યા કરે છે. ૨૦૦૪માં યુપીએ સરકાર સત્તામાં આવી ત્યારે એણે એનડીએ દ્વારા નિયુક્ત રાજયપાલોનાં રાજીનામાં મેળવી લીધાં હતાં એમ હવે મોદી સરકાર પણ યુપીએ નિયુક્ત રાજયપાલોનાં રાજીનામાં માગી રહી છે. સ્વમાની રાજયપાલ બી.એલ. જોષીએ ઉત્તરપ્રદેશના રાજયપાલ પદેથી રાજીનામું આપી દીધું છે અને રાષ્ટ્રપતિએ તે મંજૂર પણ કરી દીધું છે. અન્ય રાજયપાલોમાં સૌથી છેલ્લે કેરળનાં રાજયપાલ તરીકે નિમાયેલાં દિલ્હીનાં પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી શીલા દિક્ષીત આ મુદ્દે કશું કહેવા તૈયાર નથી. બનવાજોગ કે કેન્દ્ર સરકારની આ માંગણી બંધારણીય જોગવાઇ વિરૂદ્ધની છે, એ મુદ્દે કેટલાક રાજયપાલો અદાલતનો આશ્રય લે એમ પણ બને. એમને અદાલતનું રક્ષણ મળે તો કેન્દ્ર સરકાર માટે નામોશીભરી સ્થિતિ સરજાશે. રાજસ્થાનમાં રાજયપાલ શ્રીમતી માર્ગારેટ આલ્વા કદાચ ખુરશી બચાવવા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત લઇ ગયાં હશે. પરંતુ વહેવારું બાબત તો એ છે કે જયારે રાજયપાલોની નિમણૂક પણ રાજકીય ગણતરીઓપૂર્વક જ થતી હોય ત્યારે સત્તા પરિવર્તન થતાં હારેલા પક્ષના લોકોએ સ્વેચ્છાએ જવું જોઇએ. કેન્દ્ર સરકારને એમને કાઢીને પોતાનાં ડોસાં-ડગરાંને ઠેકાણે પાડવાં હોય ત્યાં 'બંધારણીય' કે 'ગેરબંધારણીય' ની પળોજણ ક્યાં ચાલે એમ છે? ખરૂં પૂછો તો રાજયપાલનું પદ એ બિનજરૂરી ધોળા હાથી જેવી ખર્ચાળ વ્યવસ્થા છે. જો એને કશી વાસ્તવિક સત્તા જ ન હોય અને સંજોગો બદલતાં સામાન્ય કર્મચારીની જેમ હકાલપટ્ટીની શક્યતા જ રહેતી હોય તો આટલા વૈભવી અને આભાસી માનપાનવાળી રાજયપાલ સંસ્થાનો કોઇ અર્થ ખરો?

સ્પોર્ટસ હોસ્ટેલમાં વિદ્યાર્થી માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ

પ્રવેશ મેળવવા ૨૦ જૂન સુધી અરજી થઈ શકશે : વિશેષ સિદ્ધી પ્રાપ્ત કરી ચુકેલા ૧૭ વર્ષથી નીચેના ખેલાડીને પ્રવેશ પરીક્ષા લઈને પ્રવેશ આપવાની પ્રક્રિયા હાથ ધરાશે

અમદાવાદ, તા.૧૮

ગુજરાત સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના નિયંત્રણ હેઠળની પોરબંદર પોતાની સ્પોર્ટસ હોસ્ટેલમાં ક્રિકેટના ખેલાડીઓ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરાઈ છે. જે અંતર્ગત ક્રિકેટની રમતમાં રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ભાગ લીધો હોય કે વિશિષ્ટ સિદ્ધ પ્રાપ્ત કરી હોય તેવા શાળામાં અભ્યાસ કરતા ૧૭ વર્ષથી નીચેના ખેલાડીઓને પ્રવેશ પરીક્ષા લઈને પ્રવેશ આપવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત સાથે મળી રાજ્યમાં સ્પોર્ટસ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતા વિદ્યાર્થીઓ માટે પોરબંદર ખાતે સ્પોર્ટસ હોસ્ટેલ બનાવવામાં આવી છે. આ હોસ્ટેલમાં ક્રિકેટના ખેલાડીઓ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત ક્રિકેટની રમતમાં રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ભાગ લીધો હોય, વિશિષ્ટ સિદ્ધી પ્રાપ્ત કરી હોય તેવા શાળામાં અભ્યાસ કરતા ૧૭ વર્ષથી નીચેના વયના ખેલાડીઓને આ હોસ્ટેલમાં કસોટી લઈને પ્રવેશ આપવામાં આવશે. આ હોસ્ટેલમાં પ્રવેશ લેવા માટે વિદ્યાર્થીઓએ પોતાના શહેરના નિશ્ચિત કરાયેલ જગ્યામાંથી પ્રવેશ ફોર્મ લઈને તા. ૨૦ જૂન સુધી સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર દુલીપ સ્કુલ ઓફ ક્રિકેટ સ્ટેશન રોડ, પોરબંદર ખાતે મોકલી આપવાના રહેશે.

શહેરી શાળા પ્રવેશ ઉત્સવને સફળતા મળે તેવી સંભાવના

ગ્રામીણ વિસ્તારોમાં શાળાપ્રવેશ ઉત્સવને સફળતા મળ્યા બાદ હવે રાજ્યમાં આજથી ત્રણ દિવસ પ્રવેશોત્સવ થશે

અમદાવાદ, તા.૧૮

વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશ એટલે હર્ષ, ઉલ્લાસ અને ગ્રામજનો કે શહેરીજનોના ભવ્ય સ્વાગત વચ્ચે બાળકોનો જે તે શાળામાં પ્રવેશ. બાળકો આનંદમય વાતાવરણમાં શાળામાં પ્રવેશ કરે અને સમસ્ત સમાજ પણ બાળકોના શિક્ષણ માટે પોતાની જવાબદારી સમજી બાળકોની શિક્ષણ પ્રક્રિયામાં સહભાગી બને તેવા હેતુસર સમગ્ર રાજ્યમાં તા. ૧૨, ૧૩, ૧૪ જૂન દરમિયાન ગ્રામીણ વિસ્તારોમાં શાળા પ્રવેશોત્સવ સફળતાપૂર્વક ઉજવાઈ ગયો. આવી જ રીતે આવતીકાલ તા. ૧૯ થી સમગ્ર રાજ્યમાં ત્રણ દિવસ એટલે કે તા. ૧૯, ૨૦, ૨૧ જૂન દરમિયાન શહેરી વિસ્તારોની શાળાઓ માટે શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે.

રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવ અભિયાનના પરિણામે શાળા પ્રવેશોત્સવ ૨૦૧૪ દરમિયાન ગ્રામીણ વિસ્તારોની કુલ ૨૭,૮૬૫ શાળાઓમાં ૧૪ જૂનની સ્થિતિએ કુલ ૪,૩૨,૬૨૬ બાળકોએ ધોરણ-૧માં નામાંકન કરાવ્યું હતું, જ્યારે ધોરણ-૯માં ૩,૭૭,૦૦૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે, ગ્રામીણ વિસ્તારોના શાળા પ્રવેશોત્સવની જેમ આવતીકાલથી શરૂ થનારી શહેરી વિસ્તારના શાળા પ્રવેશોત્સવને પણ સફળતા મળશે જ. જે બાળકોએ શાળામાં નામાંકન કરાવ્યું છે તેમાં ૨,૨૦,૮૮૯ કુમાર અને ૨,૧૧,૭૩૭ કન્યાઓનો સમાવેશ થાય છે. એ જ રીતે ધોરણ-૯માં પ્રવેશ મેળવનારાઓમાં ૨,૦૮,૪૭૦ કુમાર અને ૧,૬૮,૫૩૭ કન્યાઓનો સમાવેશ થાય છે. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમિયાન કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ પણ આપવામાં આવે છે તે અંતર્ગત આ ત્રણ દિવસો દરમિયાન ૬૫,૭૫૨ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ. બાળકોના શિક્ષણમાં હવે રાજ્ય સરકારના આ અભિયાનના કારણે સમાજસેવીઓ અને દાતાઓ પણ સહભાગી બનીને ઉદાર હાથે લોકસહકાર રૂપે દાનની સરવાણી વહેવડાવતા હોય છે તે મુજબ આ કાર્યક્રમ દરમિયાન રોડક રકમ રૂપે રૂા. ૩,૬૮,૪૪,૬૫૧ તથા વસ્તુ સ્વરૂપમાં અંદાજે ૧૨,૫૬,૩૩,૨૩૮ની કિંમતની ચીજવસ્તુઓ સાથે કુલ રૂા. ૧૬,૨૪,૭૭,૮૮૯નું દાન જે તે શાળાઓને મળ્યું છે. શાળા પ્રવેશોત્સવ નિમિત્તે આંગણવાડી, બાળમંદીરમાં પણ બાળકોનું નામાંકન કરવામાં આવતું હોય છે તે મુજબ આ ત્રણ દિવસો દરમિયાન ૧૨૫૫૬૯ કુમાર અને ૧૧૬૮૮૨ કન્યા સાથે કુલ ૨૪૨૪૫૧ કુમાર-કન્યાઓનું આંગણવાડી કે બાળમંદીરમાં નામાંકન કરવામાં આવ્યું હતું.

એસ.જી. ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં પર્યાવરણ દિન નિમિત્તે બાળકો દ્વારા ૩૦૦ રોપાઓનું વિતરણ

ગાંધીનગર શહેરની જાણીતી એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં તા. ૧૮મી જૂન ૨૦૧૪ના રોજ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ઉચ્ચ પ્રાથમિક વિભાગના દરેક બાળકોએ પર્યાવરણને લગતા સુંદર સૂત્રો લખી પર્યાવરણના મહત્વને આત્મસાત કર્યું હતું. બાળકો દ્વારા ૩૦૦ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યા મિલિસિંહના માર્ગદર્શન હેઠળ શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે પર્યાવરણ દિનની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના બાળકોએ નગરમાં નાના-નાના છોડવાઓનું વિતરણ કરી 'વૃક્ષ વાવો સમૃદ્ધિ લાવો'ના સૂત્રને ચરિતાર્થ કર્યું હતું. ધોરણ ૬, ૭ અને ૮ના વિદ્યાર્થીઓ માટે 'સ્લોગન સ્પર્ધા' પણ યોજાઈ હતી. સ્લોગન સ્પર્ધામાં બાળકોએ પર્યાવરણના મહત્વને સમજાવતા સ્લોગન સુંદર ચિત્રો સાથે રજૂ કર્યા હતા. વૃક્ષ વાવો, પ્રદુષણ અટકાવો, સેવ ટ્રી, સેવ વોટર વગેરે સુંદર સૂત્રોને કાર્ડ પેપર પર અંકિત કર્યા હતા. શાળાના શિક્ષકો દ્વારા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો. આચાર્યા દ્વારા બાળકોને અને શિક્ષકોને પર્યાવરણ દિનની શુભેચ્છા પાઠવવામાં આવી હતી અને ઘેર ઘેર વૃક્ષ ઉછેરની વિચારધારા અપનાવવા હાંકલ કરી હતી.

૩૦૬ શાળામાં આજથી ત્રણ દિનનો પ્રવેશ ઉત્સવ કાર્યક્રમ

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ શહેરમાં આવતીકાલથી એટલે કે ગુરૂવારના રોજ સતત ત્રણ દિવસ ૩૦૬ શાળામાં પ્રવેશોત્સવ યોજવાનું હાથ ધરવામાં આવ્યું છે. આ બાબતે સ્કુલ બોર્ડના ચેરમેન ડો. જગદીશ ભાવસાર, વાઈસ ચેરમેન ડો. હર્ષદ પટેલ અને શાસનાધિકારી ડો. એલડી દેસાઈએ જણાવ્યું છે કે તા. ૧૯, ૨૦, ૨૧ જૂન સતત ત્રણ દિવસ ૩૦૬ મ્યુનિસિપલ શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ અભિયાન હાથ ધરાશે. શાળામાં નાના ભૂલકાઓને પ્રવેશ અપાવાશે તેમજ આંગણવાડીના બાળકોને રમકડાં અને પૌષ્ટિક આહાર વિતરણ કરવામાં આવશે તેમજ ધોરણ-૮માં મ્યુનિસિપલ શાળામાં અભ્યાસ પૂર્ણ કરનારને ધોરણ-૯માં નામાંકન કરાવાશે. સતત ત્રણ દિવસ ચાલનાર પ્રવેશોત્સવમાં અમદાવાદના કમિશ્નર ડો. ગુરૂપ્રસાદ મહાપાત્ર સહિત અને અધિકારીઓ પણ મ્યુનિસિપલ શાળાઓમાં હાજરી આપશે. આ પ્રસંગે સરદાર સરોવર નર્મદા બંધના દરવાજાની ઉંચાઈ વધારવાના ઐતિહાસિક નિર્ણયને પ્રવેશોત્સવ દરમ્યાન વધારવામાં આવસે. ગરીબી રેખા હેઠળની લાભાર્થી કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ અપાશે તેમજ શિષ્યવૃત્તિના ચેકનું વિતરણ, સ્કુલ બેગ, સ્લેટ તેમજ દેશી-હિસાબ પાઠ્યપુસ્તકોનું વિતરણ બાળકોને કરાશે. ૨૦૧૩-૧૪ના વર્ષના શાળાના ધોરણ-૩ થી ૮ના તેજસ્વી છાત્રોનું સન્માન કરવામાં આવશે. સ્કુલ બોર્ડના બાળકો એક કલાકના સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરશે.

આજે સે. ૫-બીમાં ભજનની રમઝટ

ગાંધીનગર, તા. ૧૮

શહેરના જાણીતા ભજનીક કોકીલાબેન ઠાકોરના મધુર કંઠે રતનસિંહ ગોલના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૩૭/૧, સેક્ટર-૫-બી ખાતે આજરોજ ગુરૂવારે બપોરે ૩.૦૦ થી ૬.૦૦ કલાકે ભજનની રમઝટ બોલાવવામાં આવશે. ધાર્મિક કાર્યક્રમમાં ભક્તજનોને પધારવા જણાવવામાં આવ્યું છે.

હરિની દૃષ્ટિ...

ચ્હાના ભાવ ૫૦ રૂ. વધશે, હવે આપણે એકલાએ જ ચર્ચા કરવી પડશે...!!

સર્વ બદલી જાય છે...

એક માત્રા જો ઘટે તો અર્થ બદલી જાય છે;
નેક યાત્રા જો કરે તો પંથ બદલી જાય છે.

અહિં ઊભા છે સંગીતોના શહેનશાહોને ફકિર;
એક શ્વર, જો ફરે તો તર્જ બદલી જાય છે.

ના તમે કરતાં કદિ એ વાત નાશીપાતની;
જો પડે ખંડીત શબ્દો તો મર્દ બદલી જાય છે.

કોઇને જાવું પડે ના આ ચિકિત્સાલય કદિ;
જો પડે કર પ્રેમથી તો દર્દ બદલી જાય છે.

હો તમે ઝૂલ્મી ભલે કે હો તમે જાલિમ બધા;
જ્ઞાન ચક્ષુ જો ખુલે તો કર્મ બદલી જાય છે.

આ કબર પર ફૂલડાઓ ઊડતા આવે પછી;
લાશ જોવે બાળતા તો સર્વ બદલી જાય છે.

- મહેન્દ્રભાઇ રાઠોડ

સે. ૨૧ ચૈતન્ય સ્કૂલમાં અક્ષરારંભમ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૮

શહેરની જાણીતી ચૈતન્ય જુનિયર સ્કૂલ દ્વારા બાળકોના શાળા પ્રવેશ નિમિત્તે 'અક્ષરારંભમ' કાર્યક્રમનું તા. ૨૧ જૂન શનિવારે સવારે ૧૦.૦૦ કલાકે ચૈતન્ય જુનિયર, સેક્ટર-૨૧, ચ-રોડ ખાતે આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં સર્વ ધર્મ પુજાનું આયોજન કરેલ છે. પુંજાની થાળી, ચોખા, ફૂલ, ફૂલની માળા, કોડીયું, દિવેટ, ૨૫૦ ગ્રામ બુંદી (મિઠાઈ) સાથે આવવાનું રહેશે. શાળાના ડાયરેક્ટર શ્રીમતી ઈલિઝાબેથ કોશી, ટ્રસ્ટી શ્રીમતી નલીની સુબ્બારાવ, શાળાના પ્રિન્સિપાલ શ્રીમતી પ્રીતા પિલ્લાઈ ઉપસ્થિત રહેશે. આ શુભ પ્રસંગે ગાંધીનગરની જાહેર જનતાને શાળા તરફથી ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ આપવામાં આવેલ છે. વિશેષ માહિતી તથા નિઃશુલ્ક રજીસ્ટ્રેશન માટે ૧૯-૬-૨૦૧૪ સુધીમાં મોબાઈલ નંબર - ૯૮૨૫૬૭૭૯૭, ૯૭૧૨૯ ૩૯૨૫૦ ઉપર સંપર્ક કરવા જણાવ્યું છે.

CBSE : ડિઝાસ્ટર મેનેજમેન્ટ નામનો અભ્યાસક્રમ શરૂ

સીબીએસઈ દ્વારા કરવામાં આવેલા ફેરફારના ભાગરૂપે પર્યાવરણ જાગૃતિને પણ વધારે મહત્વ આપવામાં આવ્યુ

અમદાવાદ, તા.૧૮

વિદ્યાર્થીઓ કરંટ ટોપિક્સના વિવિધ મુદ્દાઓ પ્રત્યે જાગરૂક બને તે માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા કોસમાં વિવિધ ફેરફારો કરવામાં આવે છે. સીબીએસઈએ કરેલા આ ફેરફારને આધારે કોર્સમાં હવે એન્વાર્યનમેન્ટ અવેરનેસ દાખલ કરવામાં આવી છે. સીબીએસઈ સ્કુલમાં વિદ્યાર્થીઓમાં એન્વાર્યનમેન્ટ પ્રત્યે જાગરૂકતા કરવાના હેતુથી ડિઝાસ્ટર અને વેસ્ટ મેનેજમેન્ટ વિશે પણ સ્ટડી કરવાની વિદ્યાર્થીઓને તક મળશે.

સીબીએસઈએ ધોરણ-૯ના અભ્યાસક્રમમાં ચાલુ વર્ષથી એન્વાર્યનમેન્ટ સ્ટડીને દાખલ કરવાનો નિર્ણય કર્યો છે. આ અભ્યાસક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ડિઝાસ્ટર દરમિયાન રેસ્કયુ કામગીરી કેવી રીતે કરવી એ શીખવવામાં આવશે અને તે દ્વારા વિદ્યાર્થીઓને પર્યાવરણ પ્રત્યે જાગરૂક કરવામાં આવશે. આ અભ્યાસક્રમમાં ઉત્તરાખંડની હોનારતને પણ સામેલ કરવામાં આવી છે. આ અભ્યાસક્રમમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટની ઉણપો, હલકી ગુણવત્તાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર કોને કહેવાય અને અવૈજ્ઞાનિક રીતે રોડ કન્સ્ટ્રક્શનના સંદર્ભમાં અભ્યાસ કરાવવામાં આવશે. આ કારણે વિદ્યાર્થીઓને હવે ડિઝાસ્ટરના સમયે કઈ રીતે સ્વસ્થતા જાળવવી અને આપત્તિ નિવારવા કઈ રીતે કામ કરવું એની સમજ કેળવાશે.

શિક્ષકો માટેની વર્ધીત પેન્શન યોજનાને હવે અમલી કરાશે

અમદાવાદ, તા.૧૮

મહાનગર પાલિકા વિસ્તારના પ્રાથમિક શિક્ષકો માટે વર્ષ ૨૦૦૫થી બંધ કરાયેલી જીપીએફ યોજનાના બદલામાં અસ્તિત્વમાં આવેલી વર્ધીત પેન્શન યોજનાનો અમલ કરવા માટે રાજ્ય સરકારે પરિપત્ર જાહેર કરી સુચના આપી છે. જેના કારણે રાજ્યના અંદાજીત ૫૦૦૦થી વધુ શિક્ષકોને સીધો લાભ મળશે. ૨૦૦૫થી જીપીએફ યોજના બંધ કરાયા બાદ વર્ધીત પેન્શન યોજના પીપીએફ શરૂ કરાઈ હતી પરંતુ રાજ્યમાં વડોદરા સહિતની મહાનગર પાલિકાઓ અને નગર પાલિકા વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં વર્ધીત પેન્શન યોજનાને લગતી કોઈ જ કાર્યવાહી કરાઈ નહોતી. એટલું જ નહીં આ યોજનાનો અમલ પણ ખરાયો નહોતો. પરિણામે મહાનગર પાલિકા, નગર પાલિકા હસ્તકની શિક્ષણ સમિતિની શાળાઓના શિક્ષકોને તેનો લાભ મળતો નહોતો. વર્ધીત પેન્શન યોજનાનો અમલ નહીં કરાતાં ૨૦૦૫ પછી નોકરીમાં દાખલ થતા નવા શિક્ષકો પીએફની સુવિધી મળતી નહોતી. આ અંગે ગુજરાત રાજ્ય મહાનગર પાલિકા પ્રાથમિક શિક્ષણ મહામંડળના પ્રમુખ સનત પંડ્યા તેમજ શિક્ષણ સંઘના પ્રમુખ પિનાકીન પટેલ દ્વારા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગમાં વારંવાર રજુઆત કરાતી હતી. ઉક્ત રજુઆતના ભાગરૂપે રાજ્ય સરકારે તા. ૩૦મી મેના રોજ પરિપત્ર જાહેર કરી નવી વર્ધીત પેન્શન યોજનાનો અમલ તત્કાલ કરવા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારીઓ, મહાનગરોના શાસનાધિકારીઓ તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને સુચના આપી છે. પરિપત્રને કારણે રાજ્યભરના અંદાજે ૫૦૦૦ની વધુ પ્રાથમિક શિક્ષકોને લાભ થશે.

મને લાગે છે મારેય આવતો જનમ લેવો જ પડશે તે નક્કી, એક વાસના અધૂરી જ રહી છે અને હવે એ આ જનમે પુરી થાય તેમ લાગતું નથી

આપણા શાસ્ત્રોમાં અનેક ઠેકાણે અનેક વખત વાસના ઉપર બહુ ગહન રીતે લખેલું છે. એ મુજબ તો આપણા મગજમાં ઉદ્‌ભવતા દરેક વિચારને વાસના કહેવી પડે! સાલુ મગજ કદી નવરૂ પડતું જ નથી. ક્ષણે ક્ષણે વિચારોની શૃંખલા ચાલુ ને ચાલુ. ઉંઘમાય બાપડાને સખ નહિ. આપણને આવતા સ્વપ્નોય વિચારોનો જ પડઘો છે ને! અને પાછું એવું પણ લખ્યું છે કે જે વાસના પૂરી થતી નથી તે પુરી કરવા જનમ લેવો પડે છે. પછી નવા જનમમાં પાછી નવી વાસનાઓ ભળે! આમ ભવાટવીના ચક્કરમાંથી બહાર નીકળાય જ નહિ કે ઊંચા અવાય જ નહિં.

મને લાગે છે મારેય આવતો જનમ લેવો જ પડશે તે નક્કી. એક વાસના અધૂરી જ રહી છે અને હવે એ આ જનમે પુરી થાય તેમ લાગતું નથી. એ છે આપણા (હવે) ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી મનમોહનસિંહજીને સાંભળવાની. હમણાં છેલ્લે ૧૬મી મે, ૨૦૧૪ના રોજ શ્રી મનમોહનસિંહજીએ વિદાય ભાષણ આપેલું. તે સૌએ જોયેલું જ હશે. આ 'જોયેલું' એ શબ્દ સમજીને જ લખ્યો છે. તેઓને તો સરવા કાનવાળાય એમ કહે કે, 'આ શું બોલે છે એ જ ખબર પડતી નથી.' તે દિવસે / સમયે તેઓ એકદમ ટટ્ટાર બેઠેલા. હલે કે ચલે! અરે આંખોય પટપટાવતા નહોતા! બે હોઠ જ જરી હલતા દેખાય. જાણે સ્ટેચ્યુ! આ પણ વિધિની વ્રકતા ગણવીને કે ક્યારેક કોઇ માણસ પૂતળા જેવો લાગે તો ક્યારેક કોઇ પૂતળું (અસ્સલ) માણસ જેવું લાગે. મેડમ તુસાદ ને આવા જ કોઇ પ્રસંગમાંથી મીણના પૂતળા બનાવવાની પ્રેરણા મળી હોય એ સંભવ છે.

નાની અમથી વાત
(હળવે હૈયે)
- લે. ભર્ગદેવ ભટ્ટ 'હાસ્યાયન'

તો મૂળ વાત હતી મારી અધૂરી વાસનાની, જે અધૂરી જ છે ને અધૂરી જ રહેશે એની મને સો ટકા ખાત્રી છે. શ્રી મનમોહનસિંહજી કાંઇ ઊંચા અવાજે કદી બોલે નહિં અને હું ઊંચા અવાજ સિવાય કાંઇ સાંભળું નહિં. બીજું મને ઘણાં પૂછતાં હોય છે (કાનનું મશીન જોઇને) "તમને તકલીફ પડતી હશે કાં ?" ત્યારે હું (હસતાં હસતાં) કહુ છું, 'મને તો કાંઇ નથી પડતી સામેવાળાને પડતી હોય છે!' આ જ વાક્ય કદાચ આ જ રીતે શ્રી મનમોહનસિંહજી પણ કહેતા હશે.

હવે તમે જ કહો તેમને સાંભળવા માટે મારા જેવા બધિરને તો આવતા જનમ સુધી રાહ જ જોવાની ને! કાંઇ વાંધો નહિ ભટ્ટજી. હવે જીવો ત્યાં સુધી "રાધે... રાધે... રાધે..." કરો.